દેવોલીનાની લવસ્ટોરી 'બેંગાલ' સાથે

ટી.વી.

દેવોલીના ભટ્ટાચાર્યજીને કોઇ ગોપી મોદી તરીકે ઓળખે તો તે ના નહીં પાડી શકે. સાથ નિભાના સાથિયામા તે પાંચ વર્ષ સુધી ગોપી મોદીનું જ પાત્ર ભજવતી રહેલી અને તે સિરીયલ જ્યારે ફરી શરૂ થઇ તો વળી 3 વર્ષ સુધી એજ પાત્ર આગળ વધાર્યુ. લોકો તેને હવે એજ નામે સંબોધે છે એટલે કોઇ દેવોલીના કહે તો ચમકી જાય છે. એ સિરીયલ જ નહીં બલ્કે અન્ય સિરીયલોમા તે ગોપી મોદી તરીકે આવી છે. એક રીતે જુઓ તો કોઇ અભિનેત્રી માટે એ બહુ સારી વાત પણ કહેવાય. પણ હવે તે બેંગાલ 1947માં આવી રહી છે અને તે તેની એક મહત્ત્વની ફિલ્મ છે. એ ફિલ્મનુ મુખ્ય પાત્ર દેવોલીનાએ જ ભજવ્યું છે. તે ટાઇગર શ્રોફ રાજસ્થાનમાં

દેવોલીના આસામી-બંગાળી પરિવારની છે કારણ કે તે છે બંગાળી અને જન્મી છે. આસામમાં જોકે તેની હાયર સ્ટડી દિલ્મીમાં થઇ છે અને હવે મુંબઇમા છે

પણ મુખ્ય ભૂમિકામા આવી રહી છે. 2011મા તે સંવારે સબને સપને... પિત્રોમા ગુરબાની ઢીલ્લોન તરીકે આવી ત્યાંથી તે હવે અહીં સુધી પહોંચી છે.

દેવોલીના આસામી-બંગાળી પરિવારની છે કારણ કે તે છે બંગાળી અને જન્મી છે. આસામમાં જોકે તેની હાયર સ્ટડી દિલ્મીમાં થઇ છે અને હવે મુંબઇમા છે. મતલબ ચાર રાજ્યો સાથે તો તેનો સીધો નાતો રહ્યો છે. દેવોલીનાની ઓળખ ગોપી મોદી તરીકે ઊંચી થઇ તે ખરું પણ અત્યાર સુધીમાં કુલ 3 વર્ષ સુધી તે બિગ બોસના ઘરમા રહી આવી છે અને તે કારણે પણ ખૂબ જાણીતી છે. 2022મા તે શાનવાઝ શેખને પરણી ત્યારે પણ ચર્ચામા આવી ગઇ હતી પરંતુ તેને તેનો કોઇ પ્રોબ્લેમ નથી.

તે ખાસ્સા રસ્તાઓ પાર કરી અહીં સુધી પહોંચી છે. આમ તો ભરતનાટ્યમ ડાન્સર છે પણ એક મોટી કંપની માટે તે ફેશન ડિઝાઈનર હતી અને પછી ડાન્સ ઇન્ડિયા ડાન્સ-2મા તે આવી અને ત્યાંથી ટીવી પર ઓળખ બનવી શરૂ થઇ. એક્ટ્રેસ બનવાનો તેને ખ્યાલ નહોતો પણ સાથ નિભાના સાથિયામાં તે જિઆ માણેકની જગ્યાએ લેવામા આવી અને બસ, પછી દેવોલીનાની લીલા શરૂ થઇ.

વિવાદો તેને ગમે છે અને ગયા વર્ષે જ એવા સમાચાર ફેલાયેલા કે તે ધ કેરાલા સ્ટોરીની હીરોઇન છે પણ પછી ખબર પડી કે એ સમાચાર ખોટા છે. ખેર હવે સાચા સમાચાર આવ્યા છે અને તે બેંગાલ 1947ની મુખ્ય અભિનેત્રી છે. ત્રણેક વેબ સિરીઝમાં કામ કરી ચુકેલી દેવોલીના રાહ જોઇ રહી છે કે લોકો આ ફિલ્મને અને તેના કામને કંઇ રીતે જુએ છે. આ ફિલ્મનુ શીર્ષક આમ તો બેંગાલ 1947 એન અનટોલ્ડ લવ સ્ટોરી છે જે ભાગલા દરમ્યાન સર્જાઇ હતી. મતલબ કે ઐતિહાસિક ભાગલાની પાર્શ્વભૂમિમાં પ્રેમકથા છે. આ ફિલ્મ શબરી કા મોહન નામના નાટક આધારે બની છે અને આ ફિલ્મના નિર્માતા બે વખત નેશનલ એવોર્ડ જીતેલા સતીષ પાંડે છે. દેવોલીના માને છે કે આ ફિલ્મ પ્રેક્ષકોમાં આકર્ષણ જગાડશે. પોતાની પહેલી ફિલ્મ છે એટલે એટલી આશા તો તે રાખે જ જે. ●

રવિના હજુ ય 'ચીજ બડી હૈ મસ્ત'

ગોવિંદા સાથે જે બે હીરોઇન હંમેશા જોડી તરીકે જોવા મળેલી તેમાં એક હતી કરિશ્મા અને બીજી રવિના ટંડન. રવિનાએ શરૂઆતો કરેલી સલમાન સાથેની પત્થર કે ફૂલથી પણ સલમાન પછી એવો સફળ ગયો કે તેની હીરોઇનોની યાદીમા માધુરીથી માંડી કેટરીના સહિતની હીરોઇનો ઉમેરાતી ગઇ અને રવિના ટંડન અજય, અક્ષયથી માંડી અનિલ વગેરેની હીરોઇન બનતી ગઇ. શાહરૂખ સાથે ઝમાના દીવાનામાં પણ આવી અને સની દેઓલ સાથે ઝિદ્દી અને સલાખે પણ બરાબર ફીટ બેસી ગઇ પણ તેણે નાના પાટેકર સાથે ગુલામ એ મુસ્તફા યા અમિતાભ સાથે એક્સ કે મધુર ભંડારકરની સત્તા કે રામ ગોપાલ વર્માની શૂલમાં કામ કર્યું. ત્યારે ખબર પડી કે તે અભિનયમાં ઘણી ગંભીર થઇ શકે છે. પરંતુ લોકોના મનમાં તે સુનો સસુરજી, ઘરવાલી બહાર વાલી, પરદેશી બાબુ, આન્ટી નંબર-1, અનાડી નંબર-1 અને છોટે મિયા બડે મિયાંને કારણે વધારે યાદ છે કારણ કે ગોવિંદા સાથે ગોવિંદા ટાઇપની કોમેડીમા તેણે જલસો કરાવેલો.

ઘણાને ખબર નહીં હશે પણ કુછ કુછ હોતા હૈ. જે ભૂમિકા રાની મુખરજીએ કરેલી તે ભૂમિકા કરવા શરૂમા તો રવિનાને જ પૂછાયુલું પણ તેણે ના પાડી એજ રીતે પછી કરિશ્માએ તે દિલ તો પાગલ હેની ભૂમિકા રવિનાને ઓફર થયેલી. એવું બધું તો થયા કરે પણ અત્યારે તે પટના શુક્લા ફિલ્મના મૂખ્ય ભૂમિકામાં આવી રહી છે. એ ફિલ્મમાં તે એકદમ બિહારની બોલી બોલશે તેમા તે જે રીતની જંગ ખેલે છે તે પ્રેક્ષકોને બાંધી રાખશે. છેલ્લા થોડા વર્ષથી તે ફરી ફિલ્મોમા સક્રિય થઇ છે અને તેને ફિલ્મો અને વેબસિરીઝમાં ખૂબ સારા પાત્રો મળી રહ્યા છે. ફિલ્મોની અભિનેત્રી ટીવી પર જજ બનવાનુ વધુ પસંદ કરે છે પણ રવિનાએ આરણ્યક

મુવી ટાઇમ

ટીવી શ્રેણીમા કસ્તૂરી ડોગરાની જાનદાર ભૂમિકા ભજવેલી હમણા કર્મા કોલિંગમાં તે ઇન્દ્રાણી કોઠારી તરીકે આવી. એટલે પટના શુક્લાની મૂખ્ય ભૂમિકા પહેલાં તે ઇન્ટ્રીસ્ટીંગ પાત્રો ભજવતી રહી છે. રવિના કહે છે કે જે પાત્રો મને પડકારે તે ભજવવાની મઝા મને વધારે આવે છે. પટના શુક્લામા રવિના વકીલ બની છે. ડીઝનીક હોટ સ્ટાર પર રજૂ થનારી એ ફિલ્મમાં તે ડર વિનાની વકીલ છે જે શિક્ષણથી માંડી મુખ્યમંત્રી પદ માટેના ઉમેદવાર સામે લડે છે અને પોતે વકીલ ઉપરાંત ગૃહિણી છે. ફિલ્મમા તેનુ નામ તન્વી શુક્લા છે. રવિના કહે છે કે વકીલોનુ જગત પુરુષોને છે તેની વચ્ચે એક સ્ત્રીવકીલ જે જંગ ખેલે છે તે મહત્ત્વનું છે. પટના શુક્લા ફિલ્મ એ રીતે પણ જોવા જેવી છે કે તેના નિર્માતાન અરબાઝ ખાન છે. સલમાનભાઇ સાથે ફિલ્મ બનાવનાર અરબાઝે આ વખતે રવિના ટંડનને મુખ્ય અભિનેત્રી લઇ ફિલ્મ બનાવી છે. આ ફિલ્મમાં ભોપાલ પણ જોવા મળશે. સાદી ગૃહિણીમાંથી કેસ મળે તો એક સ્ત્રીવકીલ પણ કેવું પાણી દેખાડી આપે તેની કહાણી છે ને રવિના બહુ ખુશ છે.

રવિના કહે છે કે મને હવે જે ભૂમિકાઓ મળે છે તેનાથી હું ખુશ છુ. સ્ત્રીની મુખ્ય ભૂમિકાવાળી ફિલ્મો હવે વધુ બને છે. એટલે પ્રતિભા દેખાડવાનો મોકો મળે છે. 2017ની માત્ર અને કે.જી.એફ. ચેપ્ટરમા ખાસ ભૂમિકા ભજવનારી સંજય સાથે રોમેન્ટીક કોમેડી વુડચડીમાં આવી રહી છે. રવિના હવે તેની દિકરી રાશાને ફિલ્મોમા યોગ્ય તક મળે તેના પ્રયત્નો વચ્ચે કામ કરે છે. મમ્મી તરીકે અને પત્ની તરીકેની જવાબદારી વચ્ચે તે પટના શુક્લા પછી વેલકમ ટુ ધ જંગલમા અક્ષય સાથે આવશે. એક સમય તેને અક્ષય સાથે પ્રેમ હતો અને પરણવાના હતા. જોકે રવિનાની હમણા જે ફિલ્મો આવી રહી છે તેમા સૌથી વધુ કોઇ સહઅભિનેતા તરીકે હોય તો સંજય છે. જેમ કે એલર્ટ 24x7માં પણ તેની સાથે સંજય દત્ત છે. હા, ઓન ફ્રાઇડે નાઇટમાં મિલીંદ સોમણ છે. પણ તે લિગસી નામની વેબ સિરીઝમાં પણ કામ કરી રહી છે. જેમાં અક્ષય ખન્ના છે. 51મા વર્ષે રવિનાનો વટ હજુ કમ નથી. ભલે બે સંતાનોની મા હોય પણ તેના સૌંદર્ય અને અભિનયમાં હજુ તાકાત છે. ●

શિલ્પાનાં ગીતો છે આજની પેઢીના મોંઢે

શિલ્પા રાવનાં ગાયેલાં ગીતો ઉમેરાતાં ગયાં, જેના 'ખુદા જાને' (બચના એ હસીનો), 'રાંઝણા...' (દેવ-D), 'મૂડી મૂડી ઈતિફાક સે'... (પા), નૈન પરિંદે (લફેંગે પરિન્દે') થી માંડી 'જબ તક હૈ જા'નું 'ઈશ્ક શાવા..' 'ધૂમ-૩'નું 'મલંગ' અને એમ કરતાં તે 'પઠાણ' 'જવાન'નાં ગીતો સુધી પહોંચી છે. 'ફાઈટર'માં તો તેનાં ગાયેલાં ચાર ગીતો છે. તેનાં ગીતો આજની પેઢીમાં ખૂબ જ લોકપ્રિય છે. ચાહે તે 'એ દિલ હૈ મુશ્કિલ'નું 'બુલેયા' હોય કે 'વોર'નું 'ઘુંઘરું' હોય

પાર્શ્વગાયન ક્ષેત્રે અત્યારે કેટલાં ગાયક ને ગાયિકા છે તે ગણવું મુશ્કેલ છે. કોણ એકદમ ટોપ પર છે તે ગણવું તો તેનાથી ય મુશ્કેલ છે કારણ કે સમુદ્રના એક મોજાની ઊંચાઈ માપવા જાઓ ત્યાં બીજું મોજું તેનાથી ઊંચું ચડી ગયું હોય અને કોઈ મોજાની ઊંચાઈ સ્થિર ન હોય. હમણાં શિલ્પા રાવને તેના 'બેશરમ રંગ' અને 'ચલેયા' ગીત માટે શ્રેષ્ઠ ગાયિકાનો એવોર્ડ મળ્યો. આજકાલ તો એવોર્ડ પણ ઘણા છે. એકમાં ન મળે તો બીજામાં મળી જાય અથવા મેળવી શકાય. એવું તો ચાલ્યા કરે. શિલ્પા રાવે ગયા વર્ષે શાહરૂખ ખાન સ્ટારર 'પઠાણ' અને 'જવાન'માં ગીત ગાયા પછી જરા વધુ નામના પામી.

જમેશદપુરમાં જન્મેલી શિલ્પા આમ તો એપ્લાઈડ સ્ટેટિક્સમાં પોસ્ટ ગ્રેજ્યુએટ થયેલી છે. વિત્યાં વર્ષોનાં ગાયક-ગાયિકા આવી ડિગ્રીવાળાં નહોતાં. હોય તો કોઈ ગુરુ પાસે સંગીત શીખ્યાનું હોય. શિલ્પાનું પણ એવું છે કારણ કે નાનપણમાં તે તેના પિતા વેંકટ રાવ પાસે સંગીત શીખતી અને તેના પિતા સંગીતમાં ડિગ્રી ધરાવતા હતા. તે 13 વર્ષની હતી અને હરિહરન જેવા ગાયકને મળવાનું થયું અને એ વખતે જ હરિહરનના કહ્યાથી ઉસ્તાદ ગુલામ મુસ્તુફા ખાન પાસે પણ શીખવાનું શરૂ થયું. હરિહરન સંગીતના જે જાહેર કાર્યક્રમો કરે તેમાં પણ

મ્યુઝિક

શિલ્પા ગાવા માંડી અને એમ કરતાં રાષ્ટ્રીય સ્તરની એક ગાયનસ્પર્ધા પણ જીતી, જેના એક જજ શંકર મહાદેવન હતા. આખર જમશેદપુર રહેતી શિલ્પા 2004માં મુંબઈ આવી જ ગઈ કારણ કે તક તો અહીં જ હતી. મુંબઈ આવીને કોલેજની ડિગ્રી મેળવી અને સાથે જ જિંગલ ગાવાનું શરૂ થયું. એ દરમિયાન સંગીતકાર મિથુને તેની પાસે 'અનવર' ફિલ્મમાં 'તોસે નૈના લાગે' ગવડાવ્યું, જે ખૂબ લોકપ્રિય પણ બન્યું. 'એક અજનબી'માં સુનિધિ ચૌહાણ, કૃણાલ ગાંજાવાલા, કૈલાસ ખેર, સુખવીંદર સિંઘના ગાયેલાં ગીતો સાથે શિલ્પાનું ગાયેલું ગીત છે.

શિલ્પા રાવનાં ગાયેલાં ગીતો ઉમેરાતાં ગયાં, જેના 'ખુદા જાને' (બચના એ હસીનો), 'રાંઝણા...' (દેવ-D), 'મૂડી મૂડી ઈતિફાક સે'... (પા), નૈન પરિંદે (લફેંગે પરિન્દે')થી માંડી 'જબ તક હૈ જા'નું 'ઈશ્ક શાવા..' 'ધૂમ-૩'નું 'મલંગ' અને એમ કરતાં તે 'પઠાણ' 'જવાન'નાં ગીતો સુધી પહોંચી છે. 'ફાઈટર'માં તો તેનાં ગાયેલાં ચાર ગીતો છે. તેનાં ગીતો આજની પેઢીમાં ખૂબ જ લોકપ્રિય છે. ચાહે તે 'એ દિલ હૈ મુશ્કિલ'નું 'બુલેયા' હોય કે 'વોર'નું 'ઘુંઘરું' હોય.

'ચલેયા' અને 'બેશરમ રંગ' અત્યારના સમયના લોકપ્રિય ગીતોમાં અવ્વલ છે. શિલ્પા આ લોકપ્રિયતાથી ખૂબ ખુશ છે. શાહરૂખ-દીપિકા સાથે આ ગીત નિમિત્તે જોડાવા મળ્યું તેથી તે પોતાને ખુશનસીબ માને છે.

શિલ્પા પ્રભા અત્રે, મહેંદી હસન, બેગમ અખ્તર, ફરીદા ખાનમચી માંડી ઉસ્તાદ આમીર ખાં સહિતનાં શાસ્ત્રીય ગાયક-ગાયિકાને સાંભળતી રહી છે અને તેમણે જ તેમના અવાજને ઘડયો છે એવું માને છે. તે સતત રિયાઝ કરે છે. મ્યુઝિક ઈન્ડસ્ટ્રીમાં તે વિત્યાં 17 વર્ષથી છે. તેણે ઘણા માટે ગાયું છે પણ તોય ઉમેરે છે કે તબુ માટે ગાવું મને બહુ ગમે છે કારણકે તેમના માટે બહુ આદર છે. ●

મનસુર ખાન ફરી દિગ્દર્શન કરશે, પિતા આમીર નહીં પુત્ર જુનૈદ માટે

પોતે ટેકનોક્રેટ હોવા છતા ફિલ્મોમાં આવ્યો અને ફિલ્મો બનાવી પણ ફિલ્મ છોડી ખેડૂત બની ગયો. જોકે પહેલી ફિલ્મ ખૂબ સફળ ગઇ ત્યારે પણ ઉતાવળ કર્યા વિના ચાર વર્ષ પછી જો જીતા વોહી સિકંકર બનાવી હતી. દરેક નવી ફિલ્મ તેણે 3-4 વર્ષનો સમય લઇ બનાવી છે અને લગભગ દરેક ફિલ્મમા આમીર છે

આમીર ખાનનો દિકરો જૂનૈદ ખાન યશરાજ ફિલ્મની મહારાજામાં વ્યસ્ત છે. આ ફિલ્મ બહુ જાણીતા મહારાજ લાયબલ કેસ આધારીત છે. જૂનૈદ ખાન મહારાજા ઉપરાંત પિતા આમીરની ફિલ્મ પ્રિતમ પ્યારેમાં પણ છે અને હવે જાણવા મળ્યું છે કે તેની ત્રીજી ફિલ્મની કથા પટકથા મનસૂર ખાન લખશે. એટલું જ નહીં ફિલ્મનુ દિગ્દર્શન પણ કરશે. આ એજ મનસૂર ખાન છે જેના દિગ્દર્શનમા બનેલી પહેલી ફિલ્મ કયામત સે કયામત તક આમીર સ્ટાર બન્યા હતા. મનસૂરખાને પછી જો જીતા વોહી સિકંદર, અકેલે હમ અકેલે તુમ, જોશ, જેવી સફળ અને જૂદો વિષય ધરાવતી ફિલ્મ બનાવી હતી. મનસૂર ખાન જૂનૈદ માટે ફિલ્મ બનાવી હતી. મનસૂર ખાન જૂનૈદ માટે ફિલ્મ લખે તે ખરેખર બહુ મોટી વાત કહેવાય બાકી તો તેઓ મુંબઇ છોડીને વર્ષોથી કુર્ગ ચાલી ગયા હતા. પૂરા 15 વર્ષ પછી તેઓ મુંબઇ અને ફિલ્મજગતમા પાછા ફર્યા છે. અલબત્ત જાને તુ યા જાનેનાના સહનિર્માતા તેઓ હતા.મનસૂરને કુશ્નુર જઇ ઓર્ગેનિક ફાર્મ વિકસાવ્યું છે અને 15 વર્ષથી ત્યાં ખેતી કરે છે. આમીરને મનસૂરનો નિર્ણય નહોતો ગમ્યો અને કહેલું કે મનસૂર ફિલ્મજગતની મોટી ખોટ છે. આમીરે એમ પણ ઉમેરેલું કે છેલ્લા 10-12 વર્ષથી હું સતત પ્રયત્ન કરતો હતો કે તે ફરી મુંબઇ આવે અને ફિલ્મ બનાવે. મનસૂર આમીર ખાનનો કાકાભાઇ છે એટલે કે બહારોં કે સપને, કારવાં, તીસરી મંઝિલ, યાદોં કી બારાત જેવી ફિલ્મો બનાવનાર નાસીર હુસેનનો દિકરો છે. મનસૂરખાન સિનેમાનું ભણ્યો તે તો પોતાની રીતે બાકી માસા ચ્યુસેટ્સ ઇન્સ્ટિ. ઓફ ટેકનોલોજી અને મુંબઇની ઇન્ડિયન ઇન્સ. ઓફ ટેકનોલોજીનો ગ્રેજ્યુએટ છે. પોતે ટેકનોક્રેટ હોવા છતા ફિલ્મોમાં આવ્યો અને ફિલ્મો બનાવી પણ ફિલ્મ છોડી ખેડૂત બની ગયો. જોકે પહેલી ફિલ્મ ખૂબ સફળ ગઇ ત્યારે પણ ઉતાવળ કર્યા. વિના ચાર વર્ષ પછી જો જીતા વોહી સિકંકર બનાવી હતી. દરેક નવી ફિલ્મ તેણે 3-4 વર્ષનો સમય લઇ બનાવી છે અને લગભગ દરેક ફિલ્મમા આમીર હતો. જોકે જોશમા શાહરૂખ છે.

ડિરેક્ટર્સ કટ

કુશ્નૂર ગયા પછી મર્યાદિત રીતે ફિલ્મો સાથે સંકળાયેલો રહ્યો છે. પણ કૂશ્નૂરમાં તેણે વિન્ડ ફાર્મ પણ બનાવ્યું હતું તે જેથી વીજળીની સમસ્યા ન રહે. નીલગીરી પર્વત પરનુ તેનુ ફાર્મ સમુદ્રતટથી 6000 ફૂટ ઉપર છે ખને ઉટીથી 20 કિ.મી. દૂર છે. તેના દર એકરના ફાર્મમાં તે શાકભાજી, ફળો ઉપરાંત ચીઝ પણ બનાવતો હતો. મનસૂરખાન કહે છે કે મારે ક્યારેય ફિલ્મમેકર બનવું જ નહોતું. અમેરિકામા જ્યારે 1979માં ભણતો હતો ત્યારે જ નક્કી કરેલું કે મારે મુંબઇમા રહેવુ નથી પણ પછી ફિલ્મ બનાવી અને અહીં ગયો. મનસૂરના સંતાનો હવે મોટા થઇ ગયા છે. તેની દિકરી ઝાયન અભિનય કરે છે અને પાબ્લો નામનો દિકરો સંગીતકાર છે. તે ગિટાર અને ડ્રમ્સ વાગડે છે, ને ગીતોની ધૂન બનાવે છે. અત્યારે તે આમીર પ્રોડક્શન હાઉસમાં કામ કરે છે. મનસૂર ખાન અત્યારે જૂનૈદ ખાન માટે પટકગા તો લખે જ છે એ ફિલ્મનું દિગ્દર્શન પણ તે જ કરશે. મનસૂરની ઉમર અત્યારે 65 વર્ષ છે અને ફરી કશું ક નવું કરવા તૈયાર છે. ●